॥શબ્દાખ્યજ્યોતિ પ્રકાશો॥

# શબ્દસૃષ્ટિ

સંપાદક
હર્ષદ ત્રિવેદી

વર્ષ : ૩૧ ઑગસ્ટ : ૨૦૧૪ અંક : ૮ સળંગ અંક : ૩૭૧
ISSN : 2319-3220





. પાંચમી તારીખે પ્રગટ

૧૦૦૦-૦૦
રી શકાશે.) ડ્રાફ્ટ ગુજરાત

હિનો-સાલ લખવામાં આવે
તું હોય તે જ માસમાં નવું
તે પછીના મહિનાથી અંકો
ા પૂર્ણ થઈ જશે.
રહેતી નથી. ગ્રાહક નંબર

મનીઑર્ડરથી રકમ મોકલો

ય ા ગણાશે. પ્રગટ
ી કે સંપાદકની સહમતિ

ા નંબર અવશ્ય જણાવવાં.
ાર મોકલવાની જરૂર નથી.
ાસ પછી કૃતિ રદ ગણવા

વ્યવહાર : હર્ષદ ત્રિવેદી,
ાવન, ગુલાબઉદ્યાન સામે,
૮ એ સરનામે કરવો.
il.com
રી શકાશે.
જરાત સાહિત્ય અકાદમી,
અમદાવાદ-૧માં છાપીને

# શબ્દસૃષ્ટિ

વર્ષ : ૩૧, ઑગસ્ટ : ૨૦૧૪, અંક : ૮, સળંગ અંક : ૩૭૧

## ક્રમ

॥ કાવ્યસૃષ્ટિ ॥
ત્રણ પ્રભાતી કાવ્યો * ચન્દ્રકાન્ત શેઠ * ૭ પાંચ ગીત * મનોહર ત્રિવેદી * ૯ પિયુજીનો ફોન * અનિલ રમાનાથ * ૧૧ ત્રણ ગઝલ * સાહિલ * ૧૨ વાતો કરે * ભરત વિંઝુડા * ૧૩ પાણી જેવું... * સુધીર પટેલ * ૧૩

॥ વાર્તાસૃષ્ટિ ॥
કૌશિકીની વિદાય * વીનેશ અંતાણી * ૧૪

॥ જીવનકથા ॥
સાહિત્યચર્યા નહીં, જીવનચર્યા * શિરીષ પંચાલ * ૨૯

॥ વક્તવ્ય ॥
મહાભારતની ભારતીય સાહિત્યપરંપરા * શાન્તિકુમાર એમ. પંડ્યા * ૩૩
નાટ્યકાર ચિનુ મોદી, ભારતીય પરિપ્રેક્ષ્યમાં * મહેશ ચંપકલાલ * ૩૯

॥ પ્રસ્તાવના ॥
નાનાભાઈ હ. જેબલિયાની બલિદાનકથાઓ * કેસર મકવાણા * ૪૬

॥ પાઠસંપાદન ॥
દેવવિજયકૃત નેમરાજૂલ બારમાસા * રોહિણી ભટ્ટ * ૫૪

॥ અભ્યાસ ॥
કાલનું કલન કરવાની કોશિશ : 'કાલગ્રન્થિ' * સંજય આચાર્ય * ૬૮
બાળગીતોના કવિ રાજેન્દ્ર શાહ * કિશોરી ચંદારાણા * ૭૫
ધ બેકસ - નૂતન દેવવાદ * કાલિન્દી પરીખ * ૮૩
જૈન રામાયણ : એક કથાપરિચય * ઋષિકેશ ય. રાવલ * ૮૯
બહુઆયામી લલિતનિબંધ : 'મધુમાલતીનું દુઃસ્વપ્ન' * દિક્પાલસિંહ જાડેજા * ૯૩

॥ ગ્રંથ પ્રતિભાવ ॥
સંતસાહિત્ય સંદર્ભસૂચિ * નરોત્તમ પલાણ * ૧૦૦

સાહિત્યવૃત્ત * દિનેશ દેસાઈ * ૧૦૪
આ અંકના સાહિત્યકારો * ૧૦૯

ને રજૂ કરે છે.
ક લાગણીઓનું
ચુત્કારી કાઢતા.
ળા હતા. કવિ
ા ટેકેદારો પણ
ાતા ડેમોક્રેટ્સને
જ્યાં એક સહજ
ાની ધાર્મિકતાને
ીઝ ારિક
નુસરે છે. બંને
અહીં જણાવતાં
છેડા ધરાવતી
તેની ઊંચાઈએ

d Richmond,

ું અડધું-અધૂરું
ં અડધું-અધૂરું
ચિંતન હૃદયમાં
, અડધું-અધૂરું
, સાચું ! પરંતુ
અડધું-અધૂરું
વી, ઘર અધૂરું
અડધું-અધૂરું
હર્ષદ ચંદારાણા

॥ અભ્યાસ ॥

# જૈન રામાયણ : એક કથાપરિચય

ઋષિકેશ ય. રાવલ

સમગ્ર ભારતીય જનમાનસમાં રામકથા રક્તસંચારની જેમ વણાયેલી છે. માત્ર ભારતમાં જ નહીં, પરંતુ ભારતમાંથી સ્થળાંતર પામેલા ભારતીયો પણ અનેક દેશોમાં પોતાની સાથે રામકથાને વિવિધ સ્વરૂપે લઈ ગયા છે. જેને કારણે બધા જ ભારતીય મૂળના સંપ્રદાયોના ધર્મોમાં રામકથાનું મહત્ત્વ સંપૂર્ણપણે જળવાયેલું રહ્યું છે. પરંતુ જે-તે સંપ્રદાયની - ધર્મની પોતાની શ્રદ્ધાઓ, માન્યતાઓ, મુક્તિનિર્વાણ માટેના માર્ગની અપેક્ષિત સિદ્ધિઓ વગેરે બાબતો મૂળ રામકથાને સ્પર્શે અને એમાં ક્યાંક-ક્યાંક થોડાક પરિવર્તનો જોવા મળે છે.

જૈન ધર્મ પણ ભારતમાં વૈદિક પરંપરાની સમાન્તર ચાલતો સંપ્રદાય છે. જૈન પરંપરામાં પણ સદીઓથી રામકથા થોડાક ભિન્ન સ્વરૂપ સાથે નિરંતર પ્રવહમાન રહી છે. પ્રબંધોમાં જૈન રામકથા, જેને 'જૈન રામાયણ' તરીકે પણ કેટલાક વિદ્વાનો ઓળખાવે છે. જૈન પરંપરા પ્રમાણે મૂળ રામકથાનું મહાવીર સ્વામીએ કેવલજ્ઞાન વડે દર્શન કર્યું અને એમના શિષ્ય ગણધર ગૌતમ સ્વામીએ સૂત્રરૂપે તેની રચના કરી, જો કે આ સૂત્રો આજે ઉપલબ્ધ નથી. પરંતુ પરંપરાએ આ રામાયણ આચાર્ય વિમલસૂરિ પાસે આવી અને તેમણે લગભગ ૨૦૦૦ વર્ષ પૂર્વે પ્રાકૃત ભાષામાં 'પઉમચરિયં'ની રચના કરી. જેના આધારે લગભગ ૯૦૦ વર્ષ પહેલાં 'ત્રિશષ્ટિ સલાકા' વગેરે ગ્રંથોની રચના થઈ. જેનું અંતરંગ તો મુખ્યત: વાલ્મીકિ રામાયણ જેવું જ છે પરંતુ બહિરંગમાં જે-તે કર્તાઓની પ્રતિભાના આધારે અસંખ્ય આવિષ્કારો જોવા મળે છે. આમ, આ રામાયણનો કોઈ પણ એક નિશ્ચિત રચયિતા ન હોવાને કારણે, તેમજ જૈન ધર્મના આગવા સાંપ્રદાયિક સ્પર્શને કારણે એનાં કથાસૂત્રોમાં અનેક પ્રકારનું સામ્ય- વૈષમ્ય જોવા મળે છે.